# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/053 Dt. 18/07/2025

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

———————————————————————————————————————

## ચેમ્બર દ્વારા પી.આર. ખાટીવાલા વિદ્યા સંકુલમાં ટ્રાફિક એવરનેસ પ્રોગ્રામ યોજાયો

### પી.આર. ખાટીવાલા વિદ્યા સંકુલમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ચેમ્બરના સભ્યો દ્વારા ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટે ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૧૫ જુલાઇ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ડુમસ રોડ સ્થિત પી.આર. ખાટીવાલા વિદ્યા સંકુલમાં રોડ સેફટી ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમન અને રોડ સેફટી માટે ટ્રાફિકના નિયમો વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ટ્રાફિક નિયમોનું પાલન કરવું એ માત્ર કાયદાનું પાલન નથી, પરંતુ આપણી અને અન્યોની સલામતી માટે સૌની જવાબદારી છે. નાની ઊંમરે જ ટ્રાફિક ડિસિપ્લીન અપનાવવાથી ભવિષ્યમાં સલામત સમાજની રચના શકય બને છે. સુરત જેવા વિકસતા શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યા સામે જાગૃતિ જ એક માત્ર ઉકેલ છે અને તેમાં શાળા સ્તરે આપ સૌની ભૂમિકા અગત્યની છે.

ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન સુશ્રી કામિનીબેન ડુમસવાલાએ વિદ્યાર્થીઓને રોડ પર વાહન ચલાવવું એ જવાબદારીનું કામ છે તેમ કહીને વાહન ચલાવતી વખતે હેલમેટ પહેરવું કેટલું

મહત્વનું છે તેના વિષે સમજણ આપી હતી. સાથે જ ટ્રાફિકના સિગ્નલ અને નાની ઊંમરે વાહન ચલાવવાથી તેમજ રોંગ સાઈડમાં વાહન ચલાવવાથી અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવાથી થતાં ગંભીર અકસ્માતોની માહિતી આપી અકસ્માતોથી બચવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

ચેમ્બરના લેડીઝ વીંગના પૂર્વ ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન મહેતા, ડિસ્ટ્રિકટ ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રેસિડેન્ટ અને રોડ સેફટી ટ્રેઈનર શ્રી બ્રિજેશ વર્મા, ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના સભ્ય સુશ્રી રક્ષાબેન, સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી ઝુબીનભાઇ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સેમિનારમાં ઉપસ્થિત રહયા હતા.